જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૦/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૦૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી ૩૬ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૪૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૦,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૦૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૫ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૧૦/૧૬

**રખિયાલઃ** સુરેશકુમાર આશુરામ પુરોહીત (રહે.નારાયણ ધામ બંગલોઝ વિરાટનગર રોડ નિકોલ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧૦/૧૬ રાતના ૮/૩૦ થી તા.૨/૧૦/૧૬ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન રખિયાલ કેવલકાંટા ચાર રસ્તાથી લક્ષ્મી એસ્ટેટમા ચામુડા સ્ટીલ ફેકટરીના શટરના તાળા તોડી શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી દુકાનમાંથી ડી.વી.આર નંગ-૧,કેમેરા નંગ-૨ અને રોકડ રૂપીયા ૧,૧૦,૦૦૦/- તેમજ યોગેશ સ્ટીલ ફેકટરીમાથી ડી.વી.આર નંગ-૧, કેમેરા નંગ-૩ અને રોકડ રુપીયા ૧૦,૦૦૦/-, એક્ટીવ એંન્જીનીયરીંગમાંથી કેમેરા નંગ-૭, ડી.વી.આર નંગ-૧ અને આદર્શ એસ્ટેટ શેડ નં-૧૩૪ માથી શટરનુ તાળુ તોડી તિજોરીનુ તાળુ તોડી રોકડ રુપીયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૧૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી કે જે ચૌધરી ચલાવે છે.

**વટવાઃ** સંગીતાબહેન વિજયભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે.શ્રીજી બંગલોઝ નારોલ કોર્ટની સામે વટવા) એ તા.૨/૧૦/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૯/૧૬ કલાક ૧૨/૦૦ થી તા.૨/૧૦/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩૫,૫૦૦/-, નિકોન કંપનીનો કેમેરો કિમત રૂપિયા ૫૦૦૦/-, અને એલ.જી.કંપનીની એલ.ઇ.ડી. કિમત રૂપિયા ૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. એસ.એ.ગોહીલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૧/૧૬**

**ખાડીયાઃ** ચેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ (ઉ.વ.૬૧) (રહે.હેમધ્રુવ સોસાયટી કાલુપુર કો.બેન્કની સામે વાસણા) અને સફાઈ કામદાર આજરોજ સવારના ૧૧/૨૦ વાગ્યાના સુમારે માણેકચોક ચેતન એન્ડ કું નામની દુકાને હાજર હતા ત્યારે ત્રણ અજાણ્યા પુરૂષોએ આવી બન્નેને માર મારી તેમજ ચપ્પુ વડે ચેતનભાઈને ઈજાઓ કરી દુકાનમાંથી પંદર કિલોગ્રામ ચાંદીના ચોરસા કિમત રૂપિયા ૬,૭૫,000/- લુંટ કરી, ચેતનભાઈ અને સફાઈ કામદારને દુકાનમાં પુરી બહારથી દુકાનનો દરવાજો બંધ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચેતનભાઈ શાહે ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે ડી ખાંભલા ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૨/૧૬**

કાગડાપીઠઃ જયાબેન વા/ઓફ અરવિંદભાઇ પરમાર (ઉ.વ.૫૨) (રહે.શંકરપુરાની ચાલી ગોમતીપુર) એ તા.૧/૧૦/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી જાગૃતિબહેનને સંતાનમાં પુત્રી થતા તેના પતિ આરોપી અવિનાશ બિજલભાઇ ચૌહાણ (રહે.પુરાણી હાઉસિંગ સોસાયટી મજુરગામ ગીતા મંદીર રોડ) અને સાસરીયાનાઓ પુત્ર પાપ્તી બાબતે જાગ્રુતિબહેનને માનસિક તેમજ શારીરીક ત્રાસ આપતા હોઈ જાગ્રુતિબહેનને મનમાં લાગી આવતા તા.૩૦/૯/૧૬ કલાક ૧૦/૦૦ વાગે સાસરીમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.દેસાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૩/૧૬**

**“ જે ” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૧)** કિશોરભાઈ મનહરભાઈ પઢારીયા (ઉ.વ.૬૦) (રહે.વિનોબાભાવેનગર સરદાર પટેલ રીંગ રોડ વિંઝોલ ગામ) તા.૨/૧૦/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સરદાર પટેલ રીંગ રોડ આયોજનનગર નજીક રોડ ક્રોસ કરતા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૨૭ બીએ ૩૮૨૦ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કિશોરભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યા તા.૩/૧૦/૧૬ કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કિશોરભાઈના પુત્ર સાગરભાઈએ “ જે ” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી વી જાડેજા ચલાવે છે.

**(૨)** મહેશભાઈ ફકીરભાઈ દંતાણી (ઉ.વ.૨૫) (રહે.પ્રવિણ માસ્તરની ચાલી લાલભાઈ સેન્તરની સામે હરીપુરા ખોખરા) તા.૩૦/૯/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે મણીનગર રામગલીના છાપરાં સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મહેશભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમ્યાન તેનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર મહેશભાઈની માતા નંદાબહેને તા.૨/૧૦/૧૬ નારોજ “ જે ” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી વી જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૪/૧૬**

**સાબરમતીઃ** ગણપતભાઇ બેચરભાઇ પરમાર (ઉ.વ.૬૪) (રહે. ઇન્ડસ હોસ્પીટલની ગલીમાં પાર્વતીનગર) એ પુત્રના લગ્ન સબંધ ન થતા હોઈ મનમાં લાગી આવતા તા.૨/૧૦/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રસીકભાઈ વિઠ્ઠલભાઈ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** મધુસુદન જીણાભાઈ સોલંકી (ઉ.વ.૩૬) (રહે. બળદેવનગર, મજુરગામ સામે, ગીતામંદીર) એ બિમારીથી કંટાળી તા.૨/૧૦/૨૦૧૬ કલાક ૧૦/૨૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ ફુલબજાર સ્મશાન તરફ સાબરમતી નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસીંગભાઈ નંદરીયાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)